CRIMINAL CASE NUM.2146/2025

**કાલોલના મહેરબાન એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ**

**સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. કાલોલ**

**આંક ૦૧ નીચે હુકમ**

ફરીયાદી:શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી: રસીકભાઈ મંગળભાઈ પરમાર

રહે.મોટી શામળદેવી તા.કાલોલ જી.પંચમહાલ

.........................................................................................................

ચાર્જ: – એમ.વી.એક્ટ કલમ–૧૮૫,ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી) મુજબ

.........................................................................................................

–::ઠ રા વ ::–

૧) ફરીયાદ પક્ષના કેસનુ ટુકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ:૨૮/૧૦/૨૦૨૫ ના કલાક: ૧૮:૪૫ વાગ્યે મોજે શામળદેવી ગામે તા.કાલોલ પ્રોહિ પ્રતિબંધક એરીયામાં દારૂ જેવા કેફી પીણાનો નસો કરેલ હાલતમાં પોતાની હીરો એકટીવા મોટર સાયકલ નં.જીજે ૧૭ સી.સી. ૩૨૪૦ની રોડ ઉપર વાકી ચુકી ચલાવી લઈ આવી આરોપીએ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટ કલમ–૧૮૫, મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે. જે મતલબની ફરીયાદીએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા જરૂરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધનુ તપાસ કરનાર અમલદારે નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨) આ કામના આરોપીને સમક્ષ કરતા અને તેની બજવણી થતા આરોપી આજરોજ અદાલતમાં હાજર રહી નામ.કોર્ટ રૂબરૂ તેઓના વિ.વ.શ્રી. મારફતે હાજર થઈ પોતાનો ગુન્હો પુરશીસ રજુ કરી સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે અને વધુમાં જણાવે છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે.તેઓ કુટબ કબીલાવાળા અને ગરીબ વર્ગના માણસ છે. અને મજુરી કરીને તેઓના કુટબંનુ ગુજરાન ચલાવે છે.જેથી રહેમ રાખી દયાની માગણી કરેલ છે.

૩) આ કામે આરોપી સામે જે પ્રકારનો ગુન્હો નોધાયેલ છે તે જોવામાં આવેતો ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી),એમ.વી.એક્ટ કલમ–૧૮૫ મુજબનો ગુન્હો નોધાયેલ છે. અને તે ગુનાની મહત્મ તથા લઘુત્મ સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામેના ગુન્હાના

કામે વ્યાજબી કારણ હોય ત્યારે કાયદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરી શકાશે. આ કામ આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગના ઈસમ હોઈ અને તેઓએ તેમની કશુર સ્વચ્છાએ સ્વીકરી ભવીષ્યમાં આ પ્રકારે ગુન્હો નહી કરવા ખાતરી આપેલ છે. આ કામે આરોપી સામે અગાઉ પ્રથમ ગુન્હો પુરવાર થયેલ હોય અને હાલનો ગુન્હો બીજો હોય તે બાબતે કોઈ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થીક સામાજીક સ્થિતી વિગેરે ધ્યાને લેતા આરોપી સંબંધીત ખાસ અને પુરતા કારણો જણાય એથી તેને કાયદાથી ઠરાવેલ લઘુતમ સજા અને દંડ કરતા ઓછી સજા અને દંડ નામ.કોર્ટ કરી શકે છે.તેવુ નામ.ગુજરાત હાઈકોર્ટ (૨૦૦૫)(૧) જી.એલ.આર.પાન. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર તેમજ (૨૦૧૫) (૩૮) જી.એચ.જે.૩૫૪,સ્ટેટ ઓફ ગુજરાત વિ.રાજેશકુમાર રતનલાલ સીંધી અને બીજાઓના ચુકાદાઓમાં ઠરાવેલ છે. આ સંજોગોને લક્ષમાં રાખતા આરોપીને કઠોર સજા ન કરતા હાલની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાસે તેમ જણાતા ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના આરોપી નામ: રસીકભાઈ મંગળભાઈ પરમાર રહે.મોટી શામળદેવી તા.કાલોલ જી.પંચમહાલ ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૭૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ :૬૬ (૧) (બી), તથા એમ.વી.એકટ કલમ–૧૮૫, મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી,અદાલાત ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૫ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : કાલોલ
તારીખ: ૨૭/૩/૨૦૨૬

( એસ.એસ.પટેલ)
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કાલોલ (જીજે.૦૧૨૫૪)